સંદેશ , પાના નંબર :- ૨૨

તારીખ :- ૧૫/૦૮/૨૦૨૬

# અમદાવાદ મેટ્રોએ નવો રેકોર્ડ સર્જ્યો: દૈનિક મુસાફરીનો આંકડો ૨ લાખને પાર પહોંચ્યો

## ૧૨ ઓગસ્ટે સર્વોચ્ચ ૨.૦૩ લાખ મુસાફરી નોંધાઈ, સામાન્ય દિવસોમાં પણ રોજિંદા પ્રવાસીઓનો ભરોસો વધ્યો

**કોઈ મેગા ઈવેન્ટ કે મેચ વિના પણ મેટ્રોમાં પ્રવાસીઓનો અભૂતપૂર્વ ધસારો**

। અમદાવાદ ।

અમદાવાદ મેટ્રો ટ્રેન હવે અમદાવાદીઓની રોજિંદી મુસાફરી માટે પ્રથમ પસંદગી બની રહી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર આંકડા અનુસાર, ચાલુ માસ દરમિયાન મેટ્રોમાં દૈનિક મુસાફરીનો આંકડો ૨ લાખ સુધી પહોંચી ગયો છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આઈપીએલ કે વર્લ્ડ કપ જેવી મોટી ક્રિકેટ મેચ અથવા કોલ્ડપ્લે જેવા મોટા મ્યુઝિક કોન્સર્ટ જેવી કોઈ મેગા ઈવેન્ટ વિના સામાન્ય દિવસોમાં માત્ર નિયમિત મુસાફરોના જોરે આ સિદ્ધિ હાંસલ થઈ છે. જુલાઈ માસના અંતથી જ મેટ્રોમાં પ્રવાસીઓની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો, જે ઓગસ્ટ માસમાં નવી ઊંચાઈએ પહોંચ્યો છે. ૧૦મી ઓગસ્ટે મુસાફરીનો આંકડો ૨ લાખ પાર થયો હતો, જ્યારે ૧૨મી ઓગસ્ટે સર્વોચ્ચ ૨,૦૩,૨૧૫ મુસાફરી નોંધાઈ હતી. રોજિંદા નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને નાગરિકો ટ્રાફિકની ઝંઝટ અને સમય બચાવવા માટે મેટ્રો તરફ વળ્યા છે. જીએમઆરસી તંત્રના જણાવ્યા અનુસાર, મુસાફરોનો સતત વધતો વિશ્વાસ અને સહકાર અમદાવાદ મેટ્રોની સેવાઓને વધુ સક્ષમ અને મજબૂત બનાવવામાં મહત્ત્વ પૂર્ણ યોગદાન આપી રહ્યો છે.



### જુલાઈ માસના મુસાફરીના આંકડા

| તારીખ | વાર | પેસેન્જર જર્ની |
|---|---|---|
| ૨૩-૦૭-૨૦૨૬ | ગુરુવાર | ૧,૯૮,૫૨૨ |
| ૨૮-૦૭-૨૦૨૬ | મંગળવાર | ૧,૯૫,૨૧૦ |
| ૨૯-૦૭-૨૦૨૬ | બુધવાર | ૧,૮૮,૧૬૨ |
| ૩૦-૦૭-૨૦૨૬ | ગુરુવાર | ૧,૯૪,૯૦૪ |

### ઓગસ્ટ માસના મુસાફરીના આંકડા

| તારીખ | વાર | પેસેન્જર જર્ની |
|---|---|---|
| ૦૩-૦૮-૨૦૨૬ | સોમવાર | ૧,૮૯,૭૮૯ |
| ૦૪-૦૮-૨૦૨૬ | મંગળવાર | ૧,૯૮,૧૩૧ |
| ૦૫-૦૮-૨૦૨૬ | બુધવાર | ૧,૯૩,૫૬૬ |
| ૦૬-૦૮-૨૦૨૬ | ગુરુવાર | ૧,૯૬,૫૮૧ |
| ૦૭-૦૮-૨૦૨૬ | શુક્રવાર | ૧,૮૫,૩૩૯ |
| ૧૦-૦૮-૨૦૨૬ | સોમવાર | ૨,૦૦,૪૩૬ |
| ૧૨-૦૮-૨૦૨૬ | બુધવાર | ૨,૦૩,૨૧૫ |
| ૧૩-૦૮-૨૦૨૬ | ગુરુવાર | ૧,૯૭,૮૬૯ |